# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર** તા. ૧૦–૦૧–૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨ ● શ્રેણી : ૭ ● ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 7**

**પ્ર. : ૧. સામાયિક અને પ્રતિક્રમણના આધારે જવાબ લખો :**

**(ક) નીચેની પાઠ પૂર્તિ કરો : (કોઈ પણ બે)**

(૧) નિગ્ગથં ...................... ને આઉયં

જવાબ : ૧ (ક) (૧) નિગ્ગથં પાવયણં સચ્ચં અણુત્તરં કેવલિયં. પડિપુન્નં ને આઉયં

(૨) કાલસ્સ .......... આસાયણાએ.

જ. (૨) કાલસ્સ આસાયણાએ, સુયસ્સ આસાયણાએ, સુયદેવયાએ અસાયણાએ વાયણારિયસ્સ આસાયણાએ

(૩) પિત્તિયં ............. ફાસાફુસંતુ.

જ. (૩) પિત્તિયં સંભિમં સન્નિવાઈયં, વિવિહારોગાયંકા પરિસહોવસગ્ગા ફાસાફુસંતુ

**(ખ)નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો :**

(૧) પડિપૂન્નં (૨) ધમ્મેણં (૩) ઘોસહિણં (૪) પોસહસ્સ (૫) કિટ્ટિયં
(૬) ખેતવુડ્ઢી (૭) તપ્પડિરુવગ (૮) વઈક્કમે (૯) પસારણાએ (૧૦) સાણા.

જવાબ : (ખ) (૧) પ્રતિપુર્ણ છે. (૨) ધર્મધ્યાન (૩) શુદ્ધ ઉચ્ચારો વિના ભણાયું હોય (૪) પોષધ વ્રતનું
(૫) કિર્તન (૬) એક દિશાની મર્યાદા ઘટાડી. બીજી દિશાની મર્યાદા વધારવી.
(૭) સારી વસ્તુ દેખાડી નારસ આપી હોય, ભેસસેળ કરી હોય. (૮) વ્યક્તિક્રમ વિશે
(૯) વગર પુંજે હાથ-પગ લાંબા કરવા (૧૦) કૂતરા.

**(ગ) ગુજરાતી શબ્દોના (અર્થનો) માગધી શબ્દ લખો :**

(૧)જ્ઞાનવંત અથવા સુપ્રશસ્ત મનના હેતુરૂપ છો. (૨) સંયમ રૂપી જીવનના દેનારા. (૩) એક પ્રકારના
(૪) ત્રસજીવોને લાકડી-પ્રમુખના પ્રહાર કર્યા હોય. (૫) સર્વ પ્રકારે શીતલીભુત થાય છે.

જવાબ : (ગ) (૧) ચેઈયં (૨) જીવદયાણં (૩) એગવિહે (૪) વહે (૫) પરિ નિવ્વાયંતિ

**(ઘ) ફક્ત આંકડામાં જવાબ લખો :**

(૧) જ્ઞાનના અતિચાર (૨) અશાતના કેટલા પ્રકારની (૩) બ્રહ્મચર્યની વાડ
(૪) શિક્ષાવ્રત (૫) શરણા (૬) ગુપ્તિ (૭) ઉવભોગ પરિભોગના બોલ
(૮) સંથારાની કોટિ (૯) કેવળીની સંખ્યા (૧૦) શ્રાવકના ગુણો.

જવાબ : (ઘ) (૧) ૧૪ (૨) ૩૩ (૩) ૯ (૪) ૪ (૫) ૪ (૬) ૩ (૭) ૨૬ (૮) ૯
(૯) જઘન્યર કરોડ ઉત્કૃષ્ટ ૯ કરોડ (૧૦) ૨૧

**(ચ) નીચેના પ્રશ્નોના યોગ્ય ઉત્તર લખો :**

(૧) ભય એટલે શું ? તે કેટલા અને કયા ? (ફક્ત સંખ્યા અને નામ લખો).

જવાબ : (ચ) (૧) ભય મોહનીયના ઉદયથી થનાર આત્માના ઉદ્વેગરૂપ પરિણામને ભય કહે. ભાય સાત છે. તેના નામ : આલોક ભય.પરલોક ભય, આદાન ભય, અકષ્માત ભય, આજીવિકા ભય, મરણ ભય, અપયશ ભય.

(૨) સિદ્ધની અશાતના કેવી રીતે થાય ?

જ. (૨) એક સ્થળે અનંતકાળ કેવી રીતે રહી શકાય ? શરીર નથી ત્યાં સુખ કેવું ? સિદ્ધને અનંતસુખ શું હોય ? વગેરે અવજ્ઞા કરવી તે.

(૩) હેય, જ્ઞેય, ઉપાદેય એટલે શું ?

જ. (૩) હેય = છોડવા જેવા, જ્ઞેય = જાણવાયોગ,ઉપાદેય = આદરવા યોગ્ય.

(૪) નિર્ગંથ પ્રવચન કોને કહે છે ?

જ. (૪) જેમણે રાગ, દ્વેષની ગ્રંથી તોડી નાખી છે, એવા તીર્થંકર ભગવાનની વાણીને, જિનવાણીને, તેમના આગમ સૂત્રોને, નિર્ગંથ....

(૫) સાધુ કેવા છે ? તે બતાવતા શબ્દ અને અર્થ લખો.

જ. (૫) રય હરણ, ગુરછગ, પડિગ્ગહ, ધરા, પંચ મહવ્વયધરા, અટ્ઠારહસ્સ સિલાંગ, રહધરા, અકખય આયાર ચરિતા-એટલે કે રજોહરણ, પાત્રા અને ગુચ્છાના ધારક, પાંચ મહાવ્રતના ધારક, અઢાર હજાર શિલ રૂપી રથના ધારક, પરિપૂર્ણ આચાર યુક્તિ ચારિત્રના ધારક સાધુ છે.

---

પ્ર. : ૨. ગતાગતના આધારે જવાબ લખો :

**(ક) ફક્ત 'હા' અથવા 'ના' લખો – ખોટા જવાબ સુધારી લખો :**

(૧) જીવ મરીને ૫૬૫ ભેદમાં જાય.

**જ. (ક) (૧) ના. ૫૬૩ ભેદમાં.**

(૨) જુગલીયા દેવ ગતિમાં જ જાય.

**જ. (૨) હા.**

(૩) સાતમી નરકનો મરીને મનુષ્ય બની શકે ?

**જ. (૩) ના. સંજ્ઞીની પંચેન્દ્રિય બને.**

(૪) તિર્થંકરનો જીવ કોઈ પણ ગતીમાંથી આવી શકે?

**જ. (૪) ના. દેવ અને નરક ગતિમાંથી જ આવી શકે.**

(૫) ઉરપરીસર્પની ગતિ ૫૨૩ બોલની છે.

**જ. (૫) હા.**

(૬) હેમવયના મનુષ્ય ૫૬૩ ભેદમાં જઈ શકે.

**જ. (૫) ના. ૧૨૪ ભેદમાં જઈ શકે.**

**(ખ)નીચેના બોલની ગતાગત લખો (કોઈ પણ ૫)**

(૧) કેવળીની (૨) સાધુની (૩) સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની

(૪) પાંચમી નરકની (૫) ત્રણ વિકલેન્દ્રિયની (૬) કર્મભૂમિના મનુષ્ય.

**જ. (ખ) (૧) કેવળીના આગત ૧૦૮ ભેદની. ૮૧ દેવ ૧૫ પરમાધામી, ૩ કિલ્વીષી વર્જીને), ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ, પ્રથમ ચાર નારકી, બાદર પૃથ્વી, પાણી વનસ્પતિ, એ**

૧૦ **પર્યાપ્તાની. ગતિ : મોક્ષની**

**જ. (૨) સાધુની આગત ૨૭૫ ભેદની. ૧૭૯માંથી તેઉવાઉના આઠ વર્જીને ૧૭૧, ૯૯ દેવના પર્યાપ્તા. પ્રથમ પાંચ નરકના પર્યાપ્તા. મળીને ૨૭૫.**

**ગતિ : ૭૦ ભેદની, બાર દેવલોક, નવ લૌકાંતિક, ૯ ગ્રેવેયક, પાંચ અનુત્તર વિમાન, એ ૩૫ના અપર્યાપ્તા-પર્યાપ્તા મળીને ૭૦, તથા મોક્ષ.**

**જ. (૩) સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની આગતિ ૧૫ ભેદની છે. ૧૫ કર્મ ભૂમિના પર્યાપ્તાની.**

**જ. (૪) પાંચમી નરકની આગતિ ૧૭ ભેદની, પંદર કર્મભૂમિના મનુષ્ય એવમ્ સંજ્ઞી ઉરપરિસર્પ તથા જળચરના પર્યાપ્તાની.**

**ગતિઃ ૪૦ ભેદની, ૧૫ કર્મભૂમિના મનુષ્ય, પાંચ સંજ્ઞી તિર્યંચ એ ૨૦ના અપર્યાપ્તા અને પર્યાપ્તા.**

**જ. (૫) ત્રણ વિકલેન્દ્રીયની આગતિ ૧૭૯ ભેદની, ૧૦૧ સંમૂર્ચ્છિમ. મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૩૦, ૪૮ તિર્યંચ, એમ ૧૭૯. ગતિ : આગતિ પ્રમાણે જ.**

**જ. (૬) કર્મભૂમિના મનુષ્યની આગતિ ૨૭૬ ભેદની. ૧૭૧ લટ (તેઉ, વઉના ૮ વર્જીને) ૧૭૧ + ૯૯ દેવોના પર્યાપ્તા તથા પ્રથમ ૬ નરકના પર્યાપ્તા. ગતિ ૫૬૩ ભેદની અથવા મોક્ષની**

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ પાંચ)**

(૧) એકથી ત્રણ નરકનો નીકળેલો શ્રેષ્ઠ કઈ પદવી પામી શકે ?

**(ગ) જ. (૧) તીર્થંકરની**

(૨) સ્ત્રીવેદવાળો જીવ શેમાં ન જઈ શકે ?

**જ. (૨) સાતમી નરકમાં**

(૩) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય કયા દેવલોક સુધી જઈ શકે ? તે દેવલોકનું નામ લખો.

**જ. (૩) આઠમા દેવલોક તેનું નામ સહસ્ત્રાર.**

(૪) ૫૬ અંતરદ્વીપના જુગલીયા મરીને શું બને ?

**જ. (૪) પચ્ચીસ ભવનપતિ તથા છવ્વીસ વાણવ્યંતર એ એક્કાવન જાતના.**

(૫) કયા કયા જીવો ફક્ત તિર્યંચ ગતિમાં જાય ?

**જ. (૫) ૭મી નરકનો અને તેઉકાય - વાઉકાય.**

(૬) હરિવાસ અને રમ્યક્વાસની ફક્ત ગત લખો.

**જ. (૬) હરિવાસ ને સમ્યક્વાસની ગત - ૧૨૬ (૧લું કિલવીષી વર્જીને).**

(૭) ગતા-ગત એટલે શું ?

**જ. (૭) આગત એટલે આવવું, ગત એટલે જવું.**

**પ્ર. : ૩. ૬૩ શ્લાઘનીય મહાપુરુષોના આધારે જવાબ લખો. ખાલી જગ્યા પૂરો :**

(૧) એક સાથે ઉત્કૃષ્ટ તીર્થંકર ......... અને ઉત્કૃષ્ટ ચક્રવર્તી .......... હોય

**જવાબઃ ૩ (૧) એક સાથે ઉત્કૃષ્ટ તીર્થંકર ૧૬૦ અને ઉત્કૃષ્ટ ચક્રવર્તી ૧૪૦ હોય.**

(૨) વાસુદેવને .......... પણ ન સ્પર્શે.

**જ. (૨) વાસુદેવને શ્રાવકપણું પણ ન સ્પર્શે.**

(૩) છ આરાનો કુલકાળ ........ છે.

**જ. (૩) છ આરાનો કુલકાળ દસ ક્રોડાક્રોડી સાગરોપમ છે.**

(૪) ચક્રવર્તીને......પણ કહેવાય છે અને તીર્થંકરને......તરીકે પણ ઓળખવામાં આવે છે.

**જ. (૪) ચક્રવર્તીને નરેન્દ્ર પણ કહેવાય છે અને તીર્થંકરને દેવાધિદેવ તરીકે પણ ઓળખવામાં આવે છે.**

(૫) પ્રતિવાસુદેવ ....... ખંડના અને ચક્રવર્તી ...... રાજા હોય છે.

**જ. (૫) પ્રતિવાસુદેવ ત્રણ ખંડના અને ચક્રવર્તી છ ખંડના રાજા હોય છે.**

(૬) બળદેવ........ અને વાસુદેવ ........ હોય છે.

**જ. (૬) બળદેવ મોટા ભાઈ અને વાસુદેવ નાના ભાઈ હોય છે.**

(૭) સંપૂર્ણ સંસારકાળમાં પદવી ચક્રવર્તીની ...... તીર્થંકરની ........ વાસુદેવની........ અને બળદેવની ........ મળી શકે.

**(૭) સંપૂર્ણ સંસારકાળમાં પદવી ચક્રવર્તીની બે વાર તીર્થંકરની એક વાર વાસુદેવની ત્રણ વાર અને બળદેવની ત્રણવાર મળી શકે.**

---

**પ્ર. : ૪. વ્યવહાર સમકિતના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ લખો)**

**(ક)** (૧) સમકીતીની પાપભીરૂતા માટે કયા ઉદાહરણ આપ્યા છે ?

**જવાબ : (ક) (૧) શ્રીકૃષ્ણ અને શ્રેણિક**

(૨) ક્રિયારૂચી એટલે શું ?

**જ. (૨) જે જ્ઞાનાદિ આચાર, સમિતિ,ગુપ્તિ,આદિ ક્રિયા પાલનમાં ભાવપૂર્વક રૂચિ કરે છે તે.**

(૩) ભાવના કેટલી બતાવી છે ? અને કઈ કઈ ?

**જ. (૩) ફક્ત - ૬, તેના નામ મૂળ, દ્વાર, પાયો, તિજોરી, દુકાન, ભોજન**

(૪) જીવ નિત્ય છે. તે પરથી શું સમજવાનું છે ?

**જ. (૪) જીવદ્રવ્ય અનાદિ અનંત છે. તેની ઉત્પત્તિ નથી અને તેના વિનાશે જીવનો નાશ પણ નથી.** (૫) નિર્વિચિકિત્સા એટલે શું ?

**જ. (૫) ધર્મ કરણીના ફળમાં સંદેહ રહીત થવું.**

(૬) આઠ પ્રભાવના કયા સૂત્રમાં બતાવી છે ? છેલ્લી બે પ્રભાવનાના નામ લખો.

**જ. (૬) શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ૧) વ્રત પ્રભાવના ૨) કવિ પ્રભાવના**

(૭) નિર્વેદ એટલે શું ?

**જ. (૭) ઇન્દ્રીયોના વિષયથી ઉદાસીન ભાવ રાખવો, શરીર અથવા સંસારના અનિત્યપણાનું ચિંતન કરે, મોહમય જગતથી અલગ થઈ વૈરાગ્ય ભાવથી દીક્ષા લઈ કર્મશત્રુઓને જીતી સિદ્ધપદ પ્રાપ્ત કરતાની અભિલાષા કરવી.**

**(ખ)** વ્યવહાર સમકિત અને નિશ્ચય સમકિત વિશે વિસ્તારથી જણાવો.

જવાબ **(ખ) વ્યવહાર સમકિતના ૬૭ બોલમાંથી એક અથવા અનેક બોલ આદરનાર જીવને વ્યવહારથી સમકિતી કહે છે. દેવ-ગુરુ અને ધર્મ તત્ત્વમાં વ્યવહારથી શ્રદ્ધા તે વિશિષ્ટ જ્ઞાની જ બતાવી શકે. જેણે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચાર અને દર્શન મોહનીયની ત્રણ સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્રમોહનીય, એ મોહનીય ક્રમની સાત પ્રકૃત્તિનો ક્ષય ઉપસમ કે ક્ષયોપસમ કર્યો હોય તેને નિશ્ચયથી સમકિતી કહે છે.**

---

**પ્ર. ૫ : વાર્તાના આધારે લખો :**

(૧) અર્જુનમાળીની વાર્તા તથા નંદમણીયારની વાર્તા કયા સૂત્રમાં આવે છે ?

**જવાબ : ૫ (૧) શ્રી અંતગડસૂત્ર તથા જ્ઞાતાધર્મ કથાસૂત્રમાં.**

(૨) યક્ષ પ્રતિમાના હાથમાં કેટલા વજનવાળું કયું શસ્ત્ર હતું ?

**જ. (૨) ૧૦૦૦ પળ પરિમાણ ભારવાળું એક લોખંડનું મુદ્દગર હતું.**

(૩) અર્જુનમાળીની પત્નીનું નામ શું હતું ? અર્જુન મુનિનો આત્મા હમણા ક્યાં છે ?

**જ. (૩) પત્નીનું નામ બંધુમતી હતું. અર્જુનમુનિનું ભવિષ્ય એટલે કે તે હમણા મોક્ષમાં છે.**

(૪) નંદમણિયારને પૌષધમાં કયો વિચાર આવ્યો અને કેમ આવ્યો ?
ફક્ત ચાર લાઈનમાં લખો.

**જ. (૪) નંદમણીયાર અઠ્ઠમ પોષધમાં ભૂખ-તરસથી વ્યાકુળ બની ગયા હતા.
તેથી તેઓએ નંદા પુષ્કરિણી બનાવવાનો વિચાર કર્યો.**

(૫) નંદમણિયાર શ્રાવક મરીને શું બન્યા? અને હમણાં ક્યાં છે? ત્યાં તેનું નામ શું છે?

**જ. (૫) દેડકો બન્યાઅને હમણા સૌધર્મ દેવલોકમાં દર્દરા વતંસક વિમાનમાં 'દર્દુર'
નામના દેવ છે.**

(૬) શુક્ર પરિવ્રાજ કે થાવચ્ચા મુનિને કયા કયા પ્રશ્નો પૂછ્યા ?

**જ. (૬) નીચે પ્રમાણે પ્રશ્નો પૂછ્યા :
(૧) શું તમારા ધર્મમાં યાત્રા છે ? (૨) યાપનીય છે ? અવ્યાબાધ છે? (૩) પ્રાસુક વિહાર છે ?**

(૭)થાવચ્ચા મુનિએ દીક્ષા પછી કેટલો અભ્યાસ કર્યો ? અને કોની પાસે દીક્ષા લીધી ?

**જ. (૭) ભગવાનશ્રી અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈને ૧૪ પૂર્વના જ્ઞાનનો
અભ્યાસ કર્યો.**

---

**પ્ર. : ૬. નીચેની પંક્તિઓ પૂર્ણ કરો :**

જવાબ : ૬ (૧) દૃષ્ટ્વા ............................. ઇચ્છેત

**(૧) દષ્ટ્વા ભંવત મનિમેષ વિલોકનીયં
નાન્યત્ર તોષમપયાતિ જનસ્ય ચક્ષુઃ ।
પીત્વા પયઃ શશિકર દ્યુતિ દુગ્ધ સિન્ધોઃ
ક્ષારં જલં જલ - નિઘર શિતું ક ઈચ્છેત્ ॥**

(૨) નિર્ધૂમ ............................. પ્રકાશઃ

**જ. (૨) નિર્ધૂમ-વર્તિરપવર્જિત - તેલ પૂરઃ
કૃત્સ્નં જગતું ત્રયમિદં પ્રકટી-કરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતા ચલાનાં
દીપોપર સ્ત્વમસિનાથ ! જગત પ્રકાશ : ॥**

(૩) તુભ્યં નમસ્ત્રિ ..................... શોષણાય

**જ. (૩) તુભ્યં નમસ્રિભુવનાર્તિહરાય નાથ !
તુભ્યં નમઃ ક્ષિતિતલા મલ ભૂષણાય ।
તુભ્યં નમસ્રિજગતઃ પરમેશ્વરાય
તુભ્યં નમો જિન ! ભવોદધિ શોષણાય ॥**

(૪) નવમી કડી સંપૂર્ણ લખો.

**જ. (૪) આસ્તાં તવ સ્તવનમસ્ત સમસ્ત દોષં
ત્વત્ સંકથાપિ જગતાં દુરિતાનિ હંતિ ।
દુરેઃ સહસ્રકિરંણઃ કુરુતે પ્રભૈવ
પદ્માકરેષુ જલ જાનિ વિકાશ ભાંજિ ॥**

**॥ જય જિનેન્દ્ર ॥**

સી ઓકે....